# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 27-05-2024** **Midday : 2.30 to 2.35pm**

**Day: Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

---------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

## Rajkot officers suspended

રાજકોટ ગેમઝોન દુર્ઘટનામાં રાજ્ય સરકારે 7 અધિકારીઓને તાત્કાલિક અસરથી ફરજ મોકુફીના આદેશ આપ્યા છે.

રાજકોટમાં ટી.આર.પી. ગેમઝોન આગ દુર્ઘટનામાં જરૂરી મંજુરીઓ વિના શરૂ કરવા દેવાની ગંભીર નિષ્કાળજી અને ફરજક્ષતિ અંગે રાજ્ય સરકારે પોલીસ, મહાનગરપાલિકા અને માર્ગ-મકાન વિભાગના અધિકારીઓની જવાબદારી નક્કી કરીને તેમની સામે શિક્ષાત્મક કાર્યવાહી કરી છે.

જેમાં રાજકોટ મહાનગરપાલિકાના નાયબ કાર્યપાલક ઈજનેર એમ.આર.સુમા, સહાયક ટાઉન પ્લાનર ગૌતમ જોષી, સહાયક ઈજનેર જયદીપ જોષી, માર્ગ અને મકાન વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેર પારસ એમ. કોઠિયા તેમજ પોલીસ ઈન્સ્પેક્ટર વી.આર. પટેલ,એન.આઈ.રાઠોડ અને રાજકોટ મહાનગપાલિકાની ફાયર એન્ડ ઇમરજન્સી સર્વિસીસના સ્ટેશન ઓફિસર રોહિત વિગોરાને તાત્કાલિક અસરથી ફરજ મોકૂફ કરવામાં આવ્યા છે.

## Rajkot Fire....High court Hearinng..

રાજકોટ અગ્નિકાંડ ઘટનામાં સુઓમોટો દાખલ કર્યા બાદ ગુજરાત વડી અદાલતમાં સોમવારે પણ સુનાવણી હાથ ધરવામાં આવી છે. અદાલતે આ ઘટનામાં બેદરકારી બદલ રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનનાં અધિકારીઓ અને સ્થાનિક વહીવટીતંત્રની આકરી ટીકા કરી હતી.

તપાસમાં અનેક ખામીઓ બહાર આવ્યા બાદ અદાલતે એવું મંતવ્ય વ્યક્ત કર્યું હતું કે, રાજકોટમાં બિન અધિકૃત જગ્યા પર ગેમિંગ સેન્ટર બનાવવામાં આવ્યું હતું. અદાલતે આકરી ટિપ્પણી કરતા જણાવ્યું કે, અમને સ્થાનિક વહીવટીતંત્ર અને રાજ્ય સરકાર પર કોઈ ભરોસો નથી.

અરજદાર અમીત પંચાલ, રાજ્યના સરકારી વકીલ, જુદી જુદી મ્યુનિસિપલ કોર્પોરેશનના સરકારી વકીલ, અમદાવાદ અગ્નિશમન વિભાગના અધિકારીઓ કોર્ટ રૂમમાં હાજર હતા. ન્યાયમૂર્તિ બીરેન વૈષ્ણવ અને દેવેન દેસાઈ આ કેસની સુનાવણી કરી રહ્યા છે.

અરજદાર અમિત પંચાલે અદાલતમાં રજૂઆત કરી હતી કે GDCRના નિયમનું પાલન કરવામાં આવ્યું નથી. ગેમઝોનમાં કોઇ પણ પ્રકારની મંજૂરી લેવામાં આવી નથી. આ સાથે જ અરજદારે કેસની તપાસનો સમયાંતરે અહેવાલ રજૂ કરવાની પણ માંગણી કરી હતી.

## Chief Minister's meeting

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નિવાસસ્થાને આજે રાજકોટ આગ દુર્ઘટના મુદ્દે બેઠક મળી હતી.

આ બેઠકમાં ગૃહરાજયમંત્રી હર્ષ સંઘવી, મુખ્યસચિવ રાજકુમાર સહિત ઉચ્ચ પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

આ બેઠકમાં રાજકોટ દુર્ઘટના અંગે મહત્વના મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. અમારા ગાંધીનગરના પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે કે, ગૃહરાજયમંત્રી હર્ષ સંઘવી અને રાજય પોલીસ વડા વિકાસ સહાય વચ્ચે પણ બેઠક યોજાઇ છે. આ બેઠકમાં પણ રાજકોટ આગ દુર્ઘટનામાં પોલીસની ભૂમિકા સહિતના મુદ્દાઓ પર ચર્ચા થઇ હતી.

## Crime Branch Rajkot

રાજકોટ ગેમઝોન આગ દુર્ઘટનાની તપાસ સ્થાનિક કક્ષાએ ક્રાઇમ બ્રાંચને સોંપવામાં આવી છે. સંયુકત પોલીસ કમિશ્નર વિધી ચૌધરીના નેતૃત્વ હેઠળ વિશેષ ટીમની રચના કરાઇ છે. રાજકોટ શહેરના કમિશ્નર રાજુ ભાર્ગવે જણાવ્યું છે કે, આ ઘટનામાં બે વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી છે.

(બાઇટ-રાજુ ભાર્ગવ,કમિશ્નર)

## weather

આગામી પાંચ દિવસ દરમિયાન રાજ્યના દરિયાકિનારા વિસ્તારોમાં ગરમ અને ભેજયુક્ત વાતાવરણ રહેશે તેવી હવામાન વિભાગે આગાહી કરી છે. છેલ્લા દસ દિવસ દરમિયાન રાજ્યમાં હિટવેવની સ્થિતિ સર્જાઇ હતી  અને લોકો કાળઝાળ ગરમીથી ત્રસ્ત બની ગયા હતા.. પરંતુ હવે પવનને કારણે ગરમીમાંથી લોકોને રાહત મળી રહી છે.. રાજ્યભરમાં તાપમાનનો પારો ગગડ્યો છે.. ત્યાર હવામાન વિભાગે આગામી પાચ દિવસ દરમિયાન દરિયાકિનારાના વિસ્તારોમાં ગરમ અને ભેજયુક્ત વાતાવરણની આગાહી કરી છે.. તેમજ રાજ્યના અન્ય જીલ્લોમાં હાલ પુરતી કોઇ ચેતવણી આપવામાં આવી નથી,

## Bullet Train Tunnel

મુંબઇ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે નવી મુંબઇમાં 394 મીટર લાંબી ટનલનું ખોદકામ પૂર્ણ થઈ ગયું છે એમ આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટનું અમલ કરી રહેલી નેશનલ હાઇસ્પીડ રેલ કોર્પોરેશન લિમિટિડે એક યાદીમાં જણાવ્યું છે. ઘનસોલી ખાતે 394 મીટર લાંબી ટનલને કારણે મહારાષ્ટ્રમાં બીકેસી અને શિલફાટા વચ્ચે 21 કિલોમીટર લાંબી ટનલનાં બાંધકામમાં મદદ મળશે.

26 મીટર ઊંડી ઢાળ ધરાવતી ટનલ નવી ઓસ્ટ્રિયન ટનલિંગ પધ્ધતિ મારફતે 3.3 કિલોમીટર બોગદાંના નિર્માણની સુવિધા આપશે.